જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૩/૨૦૧૯ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૪૧૦/૧૯

પ્રેસનોટ.

### ઈગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી એન.એલ.દેસાઇ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈન્સ એસ.જે.ચૌહાણ તથા અનાર્મ હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯ તથા અ.પો.કો અશોકભાઈ મોહનભાઈ બનં-૬૨૮૫ તથા પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બનં-૭૪૩૯ તથા લોકરક્ષક ધીરુભાઈ જીવણભાઈ બનં-૧૧૬૬૨ તથા લોકરક્ષક હરદેવભાઈ અજાભાઈ બનં-૧૫૩૦ એ રીતેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ જડેશ્વર મહાદેવના મંદિરની પાસે આવતા અ.પો.કો અશોકભાઈ મોહનભાઈ તથા લોકરક્ષક હરદેવભાઈ અજાભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે કે આરોપી શીવશક્તિ ઉર્ફે લાલુ સ/ઓ બ્રીજકિશોર જગલાલસિંગ ઠાકુર ઉવ.૨૯ રહે,મનં-ડી/૬૦૦ દિપાલીનગર આસારામ પાર્કની સામે આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર ના મકાનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૮૪ કિ.રૂ.૪૨૦૦૦/ ના મત્તાનો તા.૦૨/૦૩/૨૦૧૯ ના કલાક. ૨૦/૪૦ વાગે મુદ્દામાલ સાથે મળી આવતા મુદ્દામાલ કબ્જે કરી સદરી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો નહી પકડાયેલ આરોપી વિજયશક્તિ ઉર્ફે લાલજી બ્રીજકિશોર ઠાકુર નાને મંગાવેલ હોય બન્ને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૦૨/૦૩/૨૦૧૯.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.